# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **આજે યોજાનારા 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં અમદાવાદમાંથી મુખ્યમંત્રી સહિત રાજ્યભરની 40 હજાર શાળાઓના 61 લાખ પચાસ હજાર વિદ્યાર્થીઓ સહભાગી થશે.**
2. **ખેડામાં કેફી પીણુ પીવાથી ત્રણના મોતની પોલીસ તપાસ શરૂ.**
3. **પાટણના વડાવલી ગામે તળાવમાં ડુબી જવાથી ચાર બાળકો સહિત પાંચના મોત.**
4. **કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે દેશમાં આગામી મે મહિના સુધીમાં 10 લાખ બોર બનાવવાનું લક્ષ્યાંક હોવાનું જણાવ્યું છે.**
5. **આજે કઠોળ દિવસ છે, તુવેર અને ચણાના પ્રતિ હેક્ટરની ઉત્પાદકતામાં રાજ્ય દેશભરમાં ટોચ પર.**

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PARIKSHA PE CHARCHA

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અન્વયે અમદાવાદના વસ્ત્રાલની ક્રિસ્ટલ ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે સંવાદ ગોષ્ઠિ કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બોર્ડની પરીક્ષાઓ આપનારા વિદ્યાર્થીઓ પરીક્ષાનો ડર રાખ્યા વગર તનાવ મુક્ત  પરીક્ષા આપી શકે તેની પ્રેરણા આપવા દેશભરમાં પરીક્ષા પે ચર્ચાની પહેલ કરેલી છે.

આ પરીક્ષા પે ચર્ચાની આઠમી શ્રેણી આજે  યોજાવાની છે. પ્રસ્તુત છે એક અહેવાલ:

## (VOICE – ANIL PATEL)

ગુજરાતની 40 હજારથી વધુ શાળાઓમાં પરીક્ષા પેર ચર્ચા કાર્યક્રમનું વિવિધ માધ્યમો દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવશે.

ગુજરાતમાં  ધોરણ 10 અને 12 વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહના કુલ 14 લાખ 30 હજાર વિદ્યાર્થીઓ સહિત ધોરણ 6 થી 12 સુધીના વર્ગોના કુલ 61 લાખ 49 હજાર 343 વિદ્યાર્થીઓ તેમની આગામી પરીક્ષાઓના સંદર્ભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું માર્ગદર્શન મેળવશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમદાવાદના વસ્ત્રાલની ક્રિસ્ટલ ઇન્ટરનેશનલ પબ્લિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા સાથે શાળા પરિસરમાં પરીક્ષા પે ચર્ચા સંવાદ-માર્ગદર્શનનું પ્રસારણ નિહાળશે.

આ કાર્યક્રમ માટે ગુજરાતના વિવિધ જિલ્લાઓ-નગરોના 40 હજાર વાલીઓ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

**<u>અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ</u>**

# KHEDA DEATH

ખેડા જિલ્લાનાં નડીયાદ શહેરમાં કેફી પીણું પીવાથી ત્રણ લોકો મોત થયાં છે. ભેટ્યા ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાં જવાહરનગરમાં ઘટના ઘટી હોવાનું અમારા ખેડાનાં પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે.

કેફી પીણું પીનારામાં પાણીપુરીની રેંકડી ચલાવનારા અને કલર કામ કરનાર તેમજ અન્ય એક અજાણ્યા વ્યક્તિનું મોત થયું છે.

અજાણ્યા વ્યક્તિનું તો કેફી પીણું જ્યાં પીધું હતું ત્યાં જ મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે ધસી ગઈ હતી. પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

આ અંગે પ્રસ્તુત છે, અમારા ખેડાના પ્રતિનિધી જનક જાગીરદારનો અહેવાલ.

**(બાઈટ – જનક જાગીરદાર)**

# PATAN -5 DEATH

પાટણના ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે તળાવમાં ડુબી જવાથી ચાર બાળકો સહિત પાંચ લોકોના મોત નિપજ્યાં છે.

ગઈકાલે ગામના તળાવમાં એક વ્યક્તિનો પગ લપસી જતાં તેને બચાવવા જતાં અન્ય ચાર લોકો પણ ડુબી ગયા હતા. ડૂબી ગએલા પાંચ લોકોને ગામજનોએ બહાર કાઢી સારવાર માટે ચાણસ્મા મોકલી આપ્યા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા.

અમારા જિલ્લા પ્રતિનિધી જણાવે છે કે, મૃતકોમા માતા સહિત એક જ પરિવારના બે બાળકો અને અન્ય બે બાળકોનો સમાવેશ થાય છે.

આ અંગે પ્રસ્તુત છે, અમારા પાટણના પ્રતિનિધી રમેશ સોલંકીનો અહેવાલ.

(બાઈટ – રમેશ સોલંકી)

# C.R.PATIL – SURAT BOR

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે દેશમાં આગામી મે મહિના સુધીમાં 10 લાખ બોર બનાવવાનું લક્ષ્યાંક હોવાનું જણાવ્યું છે.

શ્રી પાટીલે ગઈકાલે સુરતના પાલ ગૌરવ પથ ખાતે બોર પ્રોજેક્ટનું ખાતમુર્હૂત પ્રસંગે આ મુજબ જણાવ્યું.

(બાઈટ – સી.આર.પાટીલ)

# World Pulses Day

આજે વિશ્વ કઠોળ દિવસ છે. કઠોળની ખેતી અને ઉત્પાદકતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વિશ્વભરમાં 10 ફેબ્રુઆરીનો દિવસ ‘વિશ્વ કઠોળ દિવસ’ તરીકે ઊજવવામાં આવે છે. કઠોળનાં ઉત્પાદન અને નિકાસમાં ગુજરાતની સ્થિતિ અંગે પ્રસ્તુત છે એક અહેવાલઃ

(BYTE ANIL PATEL)

ગુજરાતમાં ચણા, મગ, અડદ, મઠ, તુવેર, ચોળા, વાલ, વટાણા જેવા વિવિધ પ્રકારના કઠોળનું વાવેતર થાય છે. કૃષિ મહોત્સવ જેવી પહેલ તેમજ સુજલામ સુફલામ અને સૌની યોજના જેવી સિંચાઈ યોજનાઓને કારણે ગુજરાતના કૃષિ ક્ષેત્રનો અભૂતપૂર્વ વિકાસ થયો છે. એપ્રિલ 2024થી જાન્યુઆરી 2025 સુધીના સમયગાળા દરમિયાન 2 લાખ 47 હજાર 789 ટન કઠોળની નિકાસ થઈ છે, જે ગયા વર્ષ કરતા બમણી છે.

ગુજરાત તુવેર અને ચણાની ઉત્પાદકતામાં પ્રતિ હેક્ટર અનુક્રમે 1163 અને 1699 કિલો સાથે દેશમાં ટોચના સ્થાને અને મગ અને અડદની ઉત્પાદકતામાં પાંચમા ક્રમે છે.

આત્મનિર્ભર ભારત મિશન હેઠળ, ગુજરાતમાં કઠોળનો વાવેતર વિસ્તાર 2018-19માં 6 લાખ હજાર હેક્ટરથી વધીને 2022-23માં 13 લાખ 10 હજાર હેક્ટર થયો હતો.

## અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ

# MILET MAHOTSAV

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, આવનારો સમય પ્રાકૃતિક ખેતી અને મિલેટ - જાડા ધાનનો છે. મિલેટ - શ્રીઅન્ન તમામ આવશ્યક પોષક તત્વોથી ભરપુર હોય છે. રાજ્યપાલે અમદાવાદમાં યોજાયેલા રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મ માર્કેટમાં મિલેટ ફૂડ સ્ટોલ્સ તેમજ પ્રાકૃતિક ખેત પેદાશોના વિવિધ સ્ટોલ્સની મુલાકાત પણ લીધી હતી.

રાજ્યપાલશ્રીએ રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મ માર્કેટના સમાપન પ્રસંગે જણાવ્યું કે, ખેડૂત, જમીન અને ઉપભોક્તા; ત્રણેયના સુસ્વાસ્થ્ય માટે મિલેટ અને પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા આજના સમયની માંગ છે..

તેમણે ઉમેર્યું કે, શહેરના લોકો મિલેટની ઉપયોગીતા સમજે તે જરૂરી છે. ખેડૂત પ્રાકૃતિક અને મિલેટની ખેતી કરે અને શહેરી તંત્ર માર્કેટની વ્યવસ્થા ઉભી કરે તો પોષક આહારને જનજન સુધી પહોંચાડી શકાય. પાણી અને પર્યાવરણ બંનેની બચત શ્રીઅન્નની ખેતીથી થાય છે.

# AMIT SHAH-GIR SOMANATH

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ આગામી 15 ફેબ્રુઆરીએ ગીરસોમનાથ જિલ્લાનાં કોડીનારની મુલાકાતે આવશે. તેઓ વર્ષોથી બંધ પડેલા કોડીનાર બીલેશ્વર ખાંડ ઉદ્યોગ અને તાલાળા સુગર મિલ પુન: શરૂ કરાવશે. શ્રી શાહની આ મુલાકાતને લઈને તૈયારીઓ ચાલી રહી છે.

આ અંગે કોડીનારના ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજાએ આ મુજબ જણાવ્યું.

**(બાઇટ - ધારાસભ્ય-કોડીનાર)**

# AMBAJI PARIKRAMA

ભક્તિ, શક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ શક્તિપીઠ અંબાજી ખાતે 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ચાલી રહ્યો છે. આજે બીજા દિવસે ગબ્બર તળેટીમાંથી પરિક્રમા પથ ઉપર પાદુકા અને ચામર યાત્રા યોજાશે.

અંબાજીની આ 51 શક્તિપીઠ પરિક્રમામાં સમગ્ર ગુજરાતમાંથી માઈ ભક્તો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે અને પરિક્રમા કરી રહ્યા છે. સમગ્ર રૂટ પર અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. એસ.ટી. વિભાગ દ્વારા ગામડે ગામડેથી આવતા માઈ ભક્તો માટે વિશેષ રૂટની સુવિધા કરવામાં આવી છે.

# NEET UG 2025

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી NTA દ્વારા નિટ યુ.જી. 2025 પરીક્ષાની તારીખ સહિતની માર્ગદર્શિકા જાહેર કરી છે. ધોરણ 12 પછી મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની આ પરીક્ષા ચોથી મેના રોજ યોજાશે. જ્યારે પરિણામ 14 જૂને જાહેર કરશે. વિદ્યાર્થીઓ આ પરીક્ષા માટે 7 માર્ચ સુધી નોંધણી કરવી શકશે. NTA દ્વારા આગામી 26 એપ્રિલે પરીક્ષા કેન્દ્ર અને શહેરની જાહેરાત કરાશે.

# SAPUTARA ACCIDENT FIR

ગત બીજી ફેબ્રુઆરીના રોજ સાપુતારા પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં છ મુસાફરોના મોત નિપજ્યા હતા અને ૪૫ જેટલા યાત્રિકોને નાની-મોટી ઇજા થઇ હતી.

આ ઘટનામાં  અકસ્માતના ગુનામાં ટ્રાવેલ્સ માલિકો વિરૂદ્ધ બનાવટી દસ્તાવેજો તેમજ સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ડાંગ પોલીસે બનાવના સ્થળે ઉંડાણ પુર્વક તપાસ કરતા મહત્વનો ખુલાસો થયો છે.

પોલીસ તપાસમાં અકસ્માત થયેલ બસની નંબર પ્લેટ ખોટી હોવાનું, ફિટનેસ સર્ટિફિકેટ ન હોવાનું અને ટેક્સ બચાવવા માટે પરમીટ કરતા વધારે પસેનેજર બેસાડવાનો ગુનો દાખલ કરાયો છે.

બસના માલિક તેમજ ડુપ્લીકેટ રજીસ્ટ્રેશન નંબર પ્લેટ વાળી બસના માલિકની ધરપકડ કરવામાં આવી છે.